કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

Digital Copy

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

# ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 1 | 20 June 2025 | Sugnesh Patel | garvigujrat2025@gmail.com | CANADA |


## ગરવી ગુજરાત ન્યૂઝ પેપર

## કેનેડાથી એક નવો પ્રયાસ

નમસ્કાર! મિત્રો,

આપણા સૌ માટે ગર્વની વાત છે કે 'ગરવી ગુજરાત ન્યુઝ પેપર"( વિકલી ડિજિટલ એડિશન) કેનેડાથી પ્રસિદ્ધ કરી રહ્યો છું આ માત્ર એક સમાચારપત્ર નથી, પરંતુ કેનેડામાં વસતા ગુજરાતીઓ માટે એક સેતુ બનવાનો પ્રયાસ છે. ગુજરાતની માટીની મહેક, તેની સંસ્કૃતિ અને પરંપરાઓથી દૂર હોવા છતાં, આપણે સૌ આપણા મૂળ સાથે જોડાયેલા રહીએ તે અત્યંત આવશ્યક છે. 'ગરવી ગુજરાત અઠવાડિક' આ જ ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટેનું એક માધ્યમ બનશે.

આ અઠવાડિક દ્વારા અમે કેનેડા અને ગુજરાત બંનેના સમાચારો, સાંસ્કૃતિક કાર્યક્રમોની જાણકારી, સાહિત્ય, કલા અને જીવનશૈલી સંબંધિત લેખો રજૂ કરીશું. કેનેડામાં વસતા ગુજરાતી સમુદાયની સિદ્ધિઓ, તેમના સંઘર્ષો અને તેમના યોગદાનને ઉજાગર કરવાનું અમારું લક્ષ્ય છે. આ ઉપરાંત, યુવા પેઢીને ગુજરાતી ભાષા અને સંસ્કૃતિ સાથે જોડવાનો પણ અમારો પ્રયાસ રહેશે.

આ અઠવાડિક આપ સૌનો અવાજ બનશે. આપના વિચારો, મંતવ્યો અને સૂચનોને અમે આવકારીએ છીએ. 'ગરવી ગુજરાત અઠવાડિક' ને સફળ બનાવવા માટે આપ સૌનો સહયોગ અનિવાર્ય છે. મને ખાતરી છે કે આ પ્રયાસ કેનેડામાં વસતા ગુજરાતીઓ માટે એક નવો પ્રકાશ પાથરશે અને આપણને સૌને એક તાંતણે બાંધવામાં મદદરૂપ થશે.

જય જય ગરવી ગુજરાત!

આપનો શુભચિંતક,

તંત્રી શ્રી શ્રી સુગ્નેશ પટેલ,--Sugnesh Patel

# આતંકવાદને પ્રોત્સાહન અને સમર્થન આપનાર સામે મજબૂત વૈશ્વિક કાર્યવાહી જરૂરી: નરેન્દ્ર મોદી

### G-7 સમિટમાં વડાપ્રધાન મોદીએ આતંકવાદ સામે ભારતનું વલણ સ્પષ્ટ કર્યું, ટ્રમ્પ પર કર્યા આડકતરો પ્રહાર!



> આતંકવાદી હુમલો ફક્ત પહેલગામ પર જ નહીં, પરંતુ દરેક ભારતીયના આત્મા, ઓળખ અને ગૌરવ પર પણ હુમલો હતો. તે સમગ્ર માનવતા પર હુમલો હતો."

ઓટાવા: ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેનેડાના આલ્બર્ટા પ્રાંતના કનાનાસ્કિસ શહેરમાં આયોજિત G-7 સમિટમાં હાજરી આપવા માટે પહોંચ્યા છે. આજે આ સમિટના બીજા દિવસે વડાપ્રધાન મોદીએ આઉટરીચ સેશનને સંબોધિત કર્યું હતું. આ દરમિયાન વૈશ્વિક નેતાઓ સમક્ષ તેમણે આતંકવાદ સામે ભારતનું કડક અને બિન સમાધાનકારી વલણ સ્પષ્ટ કર્યું હતું. તેમણે વેપાર અને વિકાસ જેવા મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દાઓ અંગે પણ વાતચીત કરી. વડાપ્રધાને આડકતરી રીતે ડોનાલ્ડ ટ્રમ્પની ટેરીફ નીતિ અને પાકિસ્તાન સામે યુએસના નરમ વલણની પણ ટીકા કરી.

આઉટરીચ સેશનને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને ભારતની આત્મા અને માનવતા પર ગંભીર હુમલો ગણાવ્યો. તેમણે કહ્યું,"22 એપ્રિલે થયેલો આતંકવાદી હુમલો ફક્ત પહેલગામ પર જ નહીં, પરંતુ દરેક ભારતીયના આત્મા, ઓળખ અને ગૌરવ પર પણ હુમલો હતો. તે સમગ્ર માનવતા પર હુમલો હતો."

વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાયની કાર્યવાહીમાં બેવડા ધોરણો ન હોવા જોઈએ. તેમણે કહ્યું, "એક તરફ કેટલાક દેશો તેની પસંદગી મુજબ ઝડપથી વિવિધ પ્રકારના પ્રતિબંધો લાદે છે, જ્યારે બીજી તરફ જે દેશો આતંકવાદને ખુલ્લેઆમ સમર્થન આપે છે તેમને ઇનામ આપવામાં આવે છે. આ બેવડા ધોરણો બંધ થવા જોઈએ." વડાપ્રધાને કોઈ ચોક્કસ દેશનું નામ લીધું ન હતું, પરંતુ તેમણે આ ટિપ્પણી અમેરિકાના સંદર્ભમાં કરી હોવાનું માનવામાં આવે છે, કેમ કે ગત મહીને ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસ

અનુસંધાન પાના નં. 4

# ભારત અને કેનેડા સંબંધોમાં સુધારાના સંકેત, બંને દેશ હાઈ કમિશનરોની ફરીથી નિમણૂક કરશે

### ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો મહત્વપૂર્ણ : પીએમ મોદી



ટોરેન્ટો : ભારત અને કેનેડા વચ્ચે વણસેલા સબંધો પુન: સ્થાપિત થવાના અણસાર મળી રહ્યા છે. જેમાં G7 સમિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડા પ્રધાને માર્ક કાર્ની વચ્ચે પ્રથમ ઔપચારિક મુલાકાત થઈ હતી. આ દરમિયાન, બંને નેતાઓ રાજધાનીઓમાં હાઇ કમિશનરોની(રાજદૂતો) ફરીથી નિમણૂક કરવા સંમત થયા છે. તેમજ વાતચીત દરમિયાન બંને નેતાઓએ આંતરરાષ્ટ્રીય આતંકવાદ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સહયોગનું વચન આપ્યું છે.

ભારત અને કેનેડાના વડા પ્રધાને વચ્ચે પરસ્પર ટેકનોલોજી, શિક્ષણ, કૃષિ અને ઉર્જા સુરક્ષા ક્ષેત્રે વિશાળ શક્યતાઓ પર કામ કરવા સંમત થયા. કેનેડાના પીએમ કાર્નીએ એઆઈ અને ઉર્જા ક્ષેત્રમાં સહયોગની શક્યતા વ્યક્ત કરી છે. કેનેડાના પીએમ કાર્ની સાથેની મુલાકાત દરમિયાન, વડા પ્રધાન મોદીએ કહ્યું કે ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ઘણી રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે ઘણી કેનેડિયન કંપનીઓ ભારતમાં રોકાણ કરે છે. ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો લોકશાહી મૂલ્યો માટે સમર્પિત છે. આ માટે, આપણે લોકશાહી અને માનવતાને મજબૂત બનાવવી પડશે.

જ્યારે કેનેડાના વડા પ્રધાને કહ્યું કે G7 માં પીએમ મોદીનું સ્વાગત કરવું એ ખૂબ જ સન્માનની વાત છે. મને લાગે છે કે ભારત વર્ષ 2018 થી G7 માં આવી રહ્યું છે અને જે ભારતના નેતૃત્વ અને મુદ્દાઓના મહત્વનો પુરાવો છે. તેમણે કહ્યું કે આપણે સાથે મળીને ઊર્જા સુરક્ષા, ઊર્જા સંક્રમણ, એઆઇ ફ્યુચર, આંતરરાષ્ટ્રીય દમન અને આતંકવાદ સામે લડાઈ સહિતના મુદ્દાઓનો સામનો કરવા માંગીએ છીએ. પીએમ મોદીની અહિયાં હોવું ગૌરવની બાબત છે.

અનુસંધાન પાના નં. 4 પર

## Happy Birthday



રીવાન પટેલ



રીવા પટેલ

### જન્મ દિવસ ખુબ ખુબ શુભેચ્છા

**રીવા પટેલ રીવાન પટેલના પ્રથમ જન્મદિવસની પ્રેરણાથી ગરવી ગુજરાત સાપ્તાહિક ન્યૂઝ પેપર પ્રસારિત કરી રહ્યા છે અમારા પરિવારના આ બંને ફૂલો જલ્દીથી મોટા થઈ જાય અને ખૂબ પ્રગતિ કરે એવી જન્મદિવસ નિમિત્તે ગરવી ગુજરાત પરિવાર તરફથી શુભેચ્છાઓ...**

*આ સાથે જન્મદિવસ નિમિત્તે કેનેડાના કોઈપણ રાજ્યના સાત વર્ષ સુધીના દીકરા અથવા દીકરીનો જન્મદિવસ હોય તો બાળકનું તથા માતા પિતાનું નામ જન્મ તારીખ અને ફોટો અમને મોકલશો તો આપના દીકરા અથવા દીકરીનો શુભેચ્છા સાથેનો ફોટો અમે નિ:શુલ્ક પ્રસારિત કરીશું તો જે વીકમાં જન્મદિવસ આવતો હોય તેના અગાઉના વીકમાં માહિતી અમને મોકલી આપશો.*

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**21 જૂન શનિવાર થી 27 જૂન શુક્રવાર**

**મેષ રાશિ અ, લ, ઈ** આપના રોકાયેલા કામ પૂરા થશે ઘરમાં માંગલિક કામનું આયોજન થઈ શકશે લાભદાયી તક મળી શકે છે વાહન સાવધાની પૂર્વક ચલાવવું સપ્તાહ દરમિયાન શરીરમાં સ્તુતિ નો અહેસાસ રહેશે.

**વૃષભ રાશિ બ, વ, ઉ** સપ્તાહની શરૂઆત સારી રહેશે કાનૂની મામલામાં વિજય પ્રાપ્ત થાય અચાનક ધન લાભ થઈ શકે છે માનસિક શાંતિ જળવાઈ રહેશે બીમાર વ્યક્તિના સ્વાસ્થ્યમાં સુધારો થઈ શકે છે મોટો નિર્ણય લેતા પહેલા વડીલો સાથે વિચાર વિમર્શ જરૂર કરશો.

**મિથુન રાશિ ક, છ, ઘ** ધર્મ કાર્ય પ્રતિ તમારી રુચિ વધી શકે છે ભાઈ બહેન સાથે સંબંધ સારા રહેશે આ સપ્તાહનો અધિકાન્સ ભાગ શુભ છે. અવિવાહિક લોકો માટે વિવાહની શક્યતા રહેલી છે સળયંત્ર ના શિકાર થઈ શકો છો સાવધાન રહેવું મિત્રોથી મદદ મળી રહેશે.

**કર્ક રાશિ ડ, હ** આપનું સપ્તાહ સારું રહેશે વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ ખૂબ જ શુભ રહેશે પરિવારનો પ્રેમ ખૂબ જ રહેશે તમારા બજેટ ને સંતુલિત રાખવાનો પ્રયત્ન કરશો ગુરૂવાર અને શનિવાર ખૂબ જ આનંદમય રહેશે.

**સિંહ રાશિ મ, ટ** તમે વ્યવસાયમાં નવી યુક્તિ અજમાવી શકો છો તમારા જીવનસાથી સંતુષ્ટ થશે સમય આપો બાળકની પ્રગતિથી ઘરમાં આનંદમય વાતાવરણ રહેશે માર્કેટિંગ અથવા પ્રમોશનમાં સફળતા મળવાના યોગ છે. નાણાકીય સ્થિતિ સંતોષકારક રહેશે શનિવાર અને રવીવાર ખૂબ જ સારા રહેશે.

**કન્યા રાશિ પ, ઠ, ણ** સપ્તાહની શરૂઆત ખૂબ જ સુંદર રહેશે નાણાકીય સ્થિતિ ઉત્તમ રહેશે કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિને સફળતા મળવાના ચાન્સ છે. તમે તમારી પ્રતિભાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકશો બુધવાર અને ગુરૂવાર સુખદ રહેશે.

**તુલા રાશિ ર, ત** સપ્તાહની શરૂઆત શાનદાર રહેશે કાર્ય ક્ષેત્રમાં સમજદારી પૂર્વક નિર્ણય લેવા હિતાવહ રહેશે ટેકનિકલ સમસ્યાઓનો ઉકેલ લાવી શકાશે મીડિયા સાથે સંકળાયેલ વ્યક્તિની આવક વધી શકે છે બુધવાર અને ગુરુવાર ખૂબ સારા દિવસ રહેશે

**વૃશ્ચિક રાશિ ન, ય** તમારી આર્થિક સ્થિતિ ઘણી સારી રહેશે પ્રેમ જીવનમાં તમને નસીબનો સાથ મળશે જીવન સાથી સાથે સુખદ સમય વિતાવી શકશો ખાનગી નોકરી વાળા માટે આ અઠવાડિયું ખૂબ સારું રહેશે વ્યવસાયમાં વિસ્તરણની શક્યતા છે વધારાની આવક થવાથી ઘરમાં આનંદનો વાતાવરણ રહેશે મંગળવાર અને બુધવાર શુભ

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** પરિવાર-નાના સંબંધિત સમસ્યાનું નિરાકરણ આવી શકે છે વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષણમાં સારું પરિણામ મળી શકે છે કેટલાક કાર્યો ધીમી ગતિએ ચોક્કસ પૂર્ણ થશે વડીલોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખશો તમને કોઈ શુભ સમાચાર મળી શકે છે સોમવાર ગુરૂવાર અને શનિવાર આનંદમય રહેશે.

**મકર રાશિ ખ, જ** આ અઠવાડિયે પરિવારને થોડો સમય આપવાનો પ્રયત્ન કરશો વ્યવસાયમાં મોટો ફેરફાર કરી શકવાની શક્યતા છે વ્યવહારિક નિર્ણય લેવો તમારા માટે હિતાવહ રહેશે રવિવારે બદલાતા વાતાવરણમાં શરદી અને તાવની શક્યતા છે સોમવાર અને ગુરુવાર શુભ રહેશે

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** વડીલની સલાહ માનવી. તમારી કંપનીમાં પણ ફેરફારો લાવો. સામાન્ય કરતાં વધુ સારું રહેશે. ઘણી બધી તકોનો યોગ્ય ઉપયોગ કરવા માટે તમારી કુટુંબ અથવા પિતૃ સંપત્તિથી અચાનક લાભ મળી શકે છે.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** તમારી આવક અને ખર્ચને ધ્યાનમાં રાખીને, તમારે યોગ્ય અને સારી બજેટ યોજના બનાવો. તેથી અઠવાડિયાની શરૂઆતમાં તમારું બજેટ બનાવો, તે મુજબ તમારા પૈસા ખર્ચ કરો. ઘરના વડીલોની મદદ અને માતાપિતાનો ઉપયોગ કરી શકો છો.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054 વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

## પ્રિય વૈષ્ણવ પરિવારજનો

**જય શ્રી કૃષ્ણ**

## શ્રી ગોવર્ધનનાથજી તથા શ્રી કલ્યાણરાયજી પ્રભુની દિવ્ય કૃપા સાથે .....

# “શ્રીનાથજી પ્રભુના પાવન પધરામણી તથા આવિર્ભાવ”

પ્રસંગે અતિ આનંદ અને ભક્તિભાવ સભર વ્રજ કેનેડા કોમ્યુનિટી સેન્ટર વિશ્વભરના તમામ વૈષ્ણવો ને આમંત્રિત કરે છે.

આ પાવન પ્રસંગ નિમિત્તે નીચેના પરમ પૂજ્ય આચાર્યશ્રીઓની ઉપસ્થિતિથી રહેશે :-

- **પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ ષષ્ઠ પીઠાધિશ્વર શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી**
- **પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી આશ્રયકુમારજી મહોદયશ્રી (ષષ્ઠગૃહ યુવાચાર્ય )**
- **પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી શરણમકુમારજી મહોદયશ્રી (ષષ્ઠગૃહ યુવાચાર્ય )**
- **તારીખોઃ જુલાઈ ૧, ૪, ૫ અને ૬, ૨૦૨૫**
- **સ્થળ: વ્રજ કેનેડા કોમ્યુનિટી સેન્ટર, 8811, મિસિસાગા રોડ, બ્રામ્પ્ટન, ઓન્ટારિયો L6Y 0C4**

આ એક અનન્ય અવસર છે જેમાં શ્રીજીબાવાનું પાવન આગમન, મનોહર દર્શન, વિવિધ મનોરથ, ભાવસભર સેવા, મધુર કીર્તન અને આત્માને સ્પર્શતા આચાર્યશ્રીઓના વચનામૃતોનો લાભ લેવાની તક મળશે. અમે આપને અને આપના પરિવારને હૃદયપૂર્વક આમંત્રણ આપીએ છીએ, અને નમ્ર વિનંતી કરીએ છીએ કે કૃપા કરીને 25 જૂન, 2025 સુધીમાં તમારી ઉપસ્થિતિની પુષ્ટિ (RSVP) કરો, જેથી આયોજન યોગ્ય રીતે કરી શકાય.


પ્રસંગ વિગતો અને RSVP લિંક: **https://tinyurl.com/vrajkamalutsav**

ચાલો આપણે સૌ ભક્તિ અને સમર્પણથી ભરેલા હૃદયથી શ્રીનાથજી પ્રભુનું આગમન સહર્ષ સ્વીકારીયે.

મહત્વપૂર્ણ સૂચના: પ્રસંગના સ્થળે પાર્કિંગ ઉપલબ્ધ નહીં હોય. પાર્કિંગની વિગત માત્ર તેઓને આપવામાં આવશે જેઓએ ઉપસ્થિતિની પુષ્ટિ (RSVP) કરી હશે.

શ્રીજીબાવાની કૃપાથી,

વતી : વ્રજ કેનેડા કોમ્યુનિટી સેન્ટર, જય શ્રીકૃષ્ણ

# I AM DIFFERENT !!

@realtorravipatel

# Looking for the Right Real Estate Expert?

## Ravi Patel
REALTOR



## Let's Find Your Perfect Home

- Personalized Guidance for Buyers & Sellers
- More Than 5 Years of Experience
- Transparent Service
- Check reviews on Google & Insta and lets get started !!

Let's Get Started

+1(519)-991-7196

www.buywithravi.realtor



@realtorravipatel

RIGHT AT HOME REALTY BROKERAGE

# ૨૧ મી જૂન એટલે આંતર રાષ્ટ્રીય યોગ દિવસ



## યોગના આદિ પ્રણેતા ભગવાન શિવને માનવામાં આવે છે. તે સમયથી જ ભારતમાં યોગનો શારીરિક, માનસિક, ભાવનાત્મક, અને આધ્યાત્મિક વિકાસ થયેલો જોવા મળે છે

21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ચિહ્નિત કરવાનો વિચાર સૌપ્રથમ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 27 સપ્ટેમ્બર, 2014ના રોજ પ્રસ્તાવિત કર્યો હતો. તે તેમના યુએન જનરલ એસેમ્બલીના ભાષણ દરમિયાન હતો જ્યાં ભારતના રાજદૂત, અશોક કુમાર મુખર્જીએ 21 જૂનના રોજ ઠરાવ રજૂ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ. 21 જૂન, 2015 ના રોજ, એટલે કે, જ્યારે આ દિવસની પ્રથમ ઉજવણી કરવામાં આવી હતી, ત્યારે સમગ્ર ભારતમાંથી 36,000 થી વધુ લોકો વડાપ્રધાન મોદી સાથે રાજપથ, નવી દિલ્હી ખાતે 35 મિનિટ માટે 21 યોગ મુદ્રાઓ કરવા માટે જોડાયા હતા, જેને આસનો પણ કહેવાય છે. શ્રી નરેન્દ્ર મોદી સાથે વિશ્વભરના અન્ય ઉચ્ચ-પ્રોફાઇલ રાજકીય અને પ્રખ્યાત નેતાઓ પણ જોડાયા હતા.

રાજપથ દિલ્લી ખાતે 2015 માં યોજાયેલી યોગ દિવસની ઊજવણીમાં 35984 લોકોએ ભાગ લીધો જે યોગના સૌથી મોટા સત્ર તરીકે એક વર્લ્ડ રેકોર્ડ છે. સાથે સાથે 84 દેશોના પ્રતિનિધિમંડળે પણ રાજપથ ખાતે એક સાથે આ દિવસની ઉજવણી કરી તે પણ એક વર્લ્ડ રેકોર્ડ છે..

"યોગ" શબ્દનો અર્થ એક થવું, ભેગું થવું, નિયંત્રણ મેળવવું વગેરે થાય છે. તે સંસ્કૃત શબ્દ યુજ પરથી ઉતારી આવ્યો છે. ઉપનિષદ, વેદ કે પુરાણો જેવા ધાર્મિક પુસ્તકો માં યોગ નો અર્થ ઇંદ્રિય, દિમાગ, બુદ્ધિ ને એક કરવા થી થાય છે. શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે" યોગ: કર્મસુ કૌશલમ" અર્થાત્ કોઈ પણ કાર્ય માં નિપુણતા એટલે જ યોગ.

આવો જાણીએ યોગ નો પ્રાદુર્ભાવ(ઇતિહાસ) :-

યોગના આદિ પ્રણેતા ભગવાન શિવને માનવામાં આવે છે. તે સમયથી જ ભારતમાં યોગનો શારીરિક, માનસિક, ભાવનાત્મક, અને આધ્યાત્મિક વિકાસ થયેલો જોવા મળે છે.

૮૦૦ થી ૧૭૦૦ ઈ. સ. વચ્ચેના સમયગાળામાં મહાન આચાર્ય શંકરાચાર્ય, રામાનુજાચાર્ય અને માધવાચાર્યના ઉપદેશ પ્રમુખ હતા. તે સમયે સુદર્શન, તુલસીદાસ, પુરંદર દાસ, મીરાંબાઈએ પણ ઉપદેશોમાં મહાન યોગદાન આપ્યું.હઠયોગ પરંપરાના નાથ યોગી જેવા કે મત્સ્યેન્દ્ર નાથ, ગોરખ નાથ, ગૌરંગીનાથ, સ્વાત્મારામ સૂરી, ઘેરંડા શ્રીનિવાસી ભટ્ટ જેવી મહાન હસ્તીઓ હતા જેમણે હઠયોગની પરંપરાને લોકપ્રિય બનાવી.

૧૭૦૦ થી ૧૯૦૦ ઈ.સ. વચ્ચેનો સમયગાળો આધુનિક કાળ માનવામાં આવે છે. જેમાં મહાન યોગાચાર્ય રમનમહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, પરમહંસ યોગાનંદ, વિવેકાનંદ વગેરે એ રાજયોગને વિકસાવાવમાં મહત્વનો ફાળો આપ્યો છે. આ તે સમયગાળો હતો જેમાં વેદાંત, ભક્તિ યોગ, નાથ યોગ તેમજ હઠયોગનો ખુબ સારી રીતે વિકાસ થયો.સમકાલીન યુગમાં સ્વાસ્થ્યના પરીક્ષણ અનુસાર અને સંવર્ધન માટે યોગ દરેકની આસ્થા છે. સ્વામી વિવેકાનંદ, શ્રી ટી. કૃષ્ણમચાર્ય, સ્વામિ કુવાલયનંદા, શ્રી યોગેન્દ્ર, સ્વામી રામ, શ્રી અરબિંદો, મહર્ષિ મહેશ યોગી, બી. કે. એસ. અયંગર, સ્વામી સત્યેન્દ્ર સરસ્વતી, બાબા રામદેવ વગેરે મહાન હસ્તીઓએ આજે યોગને પૂરી દુનિયામાં ફેલાવો કર્યો

૧૯૨૦ માં પુરાતત્વ વૈજ્ઞાનિકોએ "સિંધુ સરસ્વતી સભ્યતા" ને શોધી હતી જેમાં પ્રાચીન હિંદુ ધર્મ અને યોગની પરંપરા હોવાની સાબિતી મળી આવી હતી. સિંધુ સભ્યતા લગભગ ૩૩૦૦ થી ૧૭૦૦.

મિત્રો મહર્ષિ પતંજલીએ યોગનો પ્રચાર વધાર્યો હતો. પહેલી વાર ઈ. સ. ૨૦૦ પૂર્વે મહર્ષિ પતંજલીએ વેદમાં રહેલ યોગ વિદ્યાને વ્યવસ્થિત સ્વરૂપમાં વર્ગીકરણ કરી હતી.

જેમ બહારની વિજ્ઞાનની દુનિયામાં આઈન્સ્ટાઈનનુ નામ સર્વોપરિ છે, તેવી જ રીતે મનની અંદરની દુનિયાના આઈન્સ્ટાઈન છે પાતંજલિ. જેવી રીતે પર્વતોમાં હિમાલય શ્રેષ્ઠ છે, તેવી જ રીતે બધા દર્શનો, વિધિઓ, નીતિઓ, નિયમો, ધર્મો અને વ્યવસ્થાઓમાં યોગ શ્રેષ્ઠ છે.

યોગનું મહત્વ:- યોગ બાળકો નો શારીરિક,માનસિક વિકાસ કરીને સકારાત્મક ઉર્જા આપે છે. તેનાથી શરીર નું યોગ્ય રીતે મજબૂત થાય છે. તેમજ તેનું ઘડતર યોગ્ય રીતે થાય છે. બાહ્ય દેખાવ માં પણ ફેર પડે છે. આપણો નિખાર ખીલી ઉઠે છે. જે લોકો ખુબ માનસિક તણાવમાં હોય છે.તેઓને પણ રાહત મળે છે. તણાવ ઓછો થતાં મન સ્થિર બનેછે. વળી કાયમ માટે કેટલાક સાંધા ના દર્દો પણ યોગના આસનો કરવાથી દૂર થાય છે. અને જીવન ભર રાહત મળે છે.

યોગના મહત્વ વિશે અંતમાં વાચકો સાથે મારા જીવનમાં થયેલ સ્વાનુભવ વ્યક્ત કરીને વિરામ આપીશ..

૨૦૧૩માં હું અમદાવાદ માં બી.એડ. કોલેજમાં પ્રોફેસર હતો તે સમયે વિદ્યાર્થીઓને ઉત્તર ભારતના પ્રવાસે લઈ જવાના હતા પરંતુ મને બન્ને પગમાં અસહ્ય દુખાવો થતાં ડોક્ટરને બતાવતા સલાહ આપી કે વજન ઘટાડો નહીં તો બન્ને ઘૂંટણ(knee) નું ઓપરેશન કરાવવું પડશે.કામ ચલાઉ પેઈન કિલર ગોળી આપી.પ્રવાસ પૂરો કરીને ડાયેટિશિયન સલાહ અનુસાર ૯૫ કિલોગ્રામમાંથી ૧ વર્ષ માં ૭૫ કિલો વજન કરી દીધું. વળી સીનીયર્સ સીટીઝન સાથે વાતચીત દરમ્યાન ગાર્ડનમાં યોગ અને આસનો તરફ આકર્ષાયો.. ૨૦૧૫ ના વિશ્વ યોગ દિવસે અમદાવાદમાં આવેલા સરદાર પટેલ સ્ટેડિયમમાં ૭ દિવસની યોગ શિબિર પૂર્ણ કરી. છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત હું યોગાસનો કરું છું.તેમજ ફેફસાં,નાક, કાન,ગળા ની તકલીફો કુંભક રેચક, અનુલોમ વિલોમ

કપાલભાતિ, ભસ્ત્રિકા , ભ્રામરી પ્રાણાયામ તેમજ ઊંડા શ્વાસ લઈને ૐ કાર નો પવિત્ર ધ્વનિ નું મુખે થી ઉચ્ચારણ કરતા મારી ફેફસાં,આંખ,નાક, કાન અને ગળા ની તકલીફો દૂર થઈ ગઈ છે ને આજે હું મધુર કંઠે પ્રભુ ભક્તિ ના કાર્યકમો આપી રહ્યો છું.વળી નિયમિત ૩ માઈલ ચાલતા ઘૂંટણની પીડા મને આવજો (Bye Bye) કહીને ચાલી હતા આજે પ્રભુ કૃપા થી યોગ ને લીધે જ હું પ્રસન્નતા અને સુંદર સ્વાસ્થ્ય માણી રહ્યો છું.આપ સર્વેના સુંદર સ્વાસ્થ્ય ની પણ શુભેચ્છા વ્યક્ત કરીને લેખ પૂર્ણ કરું છું.

"યોગ: કર્મસુ કૌશલમ"..

-ડૉ.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર).

પહેલા પાનાનું ચાલુ

## વડાપ્રધાન મોદીએ આતંકવાદ

ચાલેલા લશ્કરી તણાવ દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનને ભારત જેટલું જ મહત્વનું ભાગીદાર ગણાવ્યું હતું. આજે બુધવારે ટ્રમ્પ પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીર સાથે લંચ પણ કરવાના છે. એવામાં વડાપ્રધાન મોદીનું આ નિવેદન પાકિસ્તાનને અમેરિકાના સમર્થન તરફ ઈશારો કરતુ હોય એવું લાગે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, "વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે, આપણી વિચારસરણી અને નીતિ સ્પષ્ટ હોવી જોઈએ - જો કોઈ દેશ આતંકવાદને સમર્થન આપે છે, તો તેણે તેની કિંમત ચૂકવવી પડશે." વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, "વડાપ્રધાન મોદીએ આતંકવાદ સામે ભારતના વલણનો પુનરોચ્ચાર કર્યો અને પહેલગામમાં થયેલા જઘન્ય આતંકવાદી હુમલાની નિંદા કરવા બદલ નેતાઓનો આભાર માન્યો. તેમણે આતંકવાદને પ્રોત્સાહન આપનારા અને સમર્થન આપનારાઓ સામે મજબૂત વૈશ્વિક કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો."



## ભારત અને કેનેડા સંબંધોમાં સુધારાના સંકેત

ઓક્ટોબર 2024 સુધી બંને દેશોમાં કોઈ હાઈ કમિશનર પોસ્ટ ન હતા ઉલ્લેખનીય છે કે, લાંબા સમયથી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો સામાન્ય રહ્યા નથી. 18 સપ્ટેમ્બર 2023ના રોજ, જ્યારે કેનેડાના તત્કાલીન વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાન સમર્થક હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો. ત્યારે બંને દેશો વચ્ચે તણાવ ખૂબ વધી ગયો. આ વિવાદને કારણે ભારતે 6 કેનેડિયન અધિકારીઓને હાંકી કાઢ્યા. જ્યારે કેનેડાએ ભારતીય હાઈ કમિશનર સહિત અધિકારીઓની છૂટ સમાપ્ત કરી હતી. તેમજ ઓક્ટોબર 2024 સુધી બંને દેશોમાં કોઈ હાઈ કમિશનર પોસ્ટ કરવામાં આવ્યા ન હતા.

# આપણો પ્રશ્ન છે અને એને આપણે ઘરમેળે જ પતાવી લેવો જોઈએ. કોઈની મધ્યસ્થીની બિલકુલ જરૂર નથીઃ સરદાર





કાશ્મીર વિધિવત રીતે ભારત સાથે જોડાઈ ગયું હતું. આમ છતાં કાશ્મીરમાં શાંતિ સ્થાપવાના ઉદેશથી લોર્ડ માઉન્ટબેટન આ પ્રશ્ન યુનોમાં લઈ જવા માંગતા હતા અને યુનોની દેખરેખ હેઠળ લોકમત લેવાય એવું ઈચ્છતા હતા. જવાહર આ માટે સહમત હતા, પણ સરદારનો સખત વિરોધ હતો. સરદાર એવું માનતા હતા કે, આપણો પ્રશ્ન છે અને એને આપણે ઘરમેળે જ પતાવી લેવો જોઈએ. કોઈની મધ્યસ્થીની બિલકુલ જરૂર નથી.

આવા કટોકટીના સમયે કાશ્મીરની પ્રજાને સાંત્વના આપવા માટે ભારતના વડાપ્રધાન તરીકે જવાહરલાલ નેહરુ રેડિયો પરથી સંદેશો આપે, એવો એક પ્રસ્તાવ માઉન્ટબેટને રાખ્યો. અને જવાહરલાલે એ સ્વીકાર્યો. સરદાર તે વખતે માહિતી અને પ્રસારણ ખાતાના મંત્રી પણ હતા. પરંપરા પ્રમાણે રેડિયો પરથી પ્રસારિત કરવાના સત્તાવાર પ્રવચનની એક નકલ અગાઉથી માહિતી અને પ્રસારણ ખાતાના મંત્રી તરીકે સરદારને મોકલવામાં આવતી. જવાહરલાલનું વ્યાખ્યાન રાતના સવા આઠ વાગ્યે હતું, અને સરદારને આ પ્રવચનની નકલ સાંજે સાડા સાત વાગ્યે મળી.

રેડિયો પરથી જવાહર જે સંદેશો કાશ્મીરની પ્રજાને આપવાના હતા, એ વાંચતાં જ સરદાર ચોંકી ઉઠ્યા. કારણ કે સરદાર હંમેશાં જેનો વિરોધ કરતા એ કાશ્મીર પ્રશ્નને યુનોમાં લઈ જવાની વાત જવાહરના પ્રવચનમાં લખેલી હતી. સરદારે એમના સેક્રેટરી શંકરને તાત્કાલિક વડાપ્રધાનના ઘેર ટેલિફોન જોડવાની સૂચના આપી. ટેલિફોન લાગ્યો ત્યારે જવાહરલાલ પ્રવચન આપવા માટે ઘેરથી નીકળી ચૂક્યા હતા.

સરદારે શંકરને બીજી સૂચના આપી, "શંકર, તમે એક ક્ષણ ગુમાવ્યા વગર રેડિયો સ્ટેશન પહોંચો અને જવાહરને આ વાત બોલતા અટકાવો. એમના પ્રવચનમાં યુનોની દેખરેખ નીચે લોકમત લેવાની વાત કોઈપણ સંજોગોમાં પ્રસારિત થવી ન જોઈએ. નહીંતર દેશ પર આફત આવી પડશે." શંકર ગાડી લઈને રેડિયો સ્ટેશન જવા માટે નીકળી ગયા. સાંજના સમયને કારણે રસ્તામાં ટ્રાફિક પણ ખૂબ હતો. શંકર જ્યારે રેડિયો સ્ટેશન પહોંચ્યા, ત્યારે જવાહરલાલ પેલું અત્યંત વિવાદાસ્પદ વિધાન બોલી ચૂક્યા હતા. સરદારે પણ આ વાક્ય રેડિયો પર ઘેર બેઠાંબેઠાં સાંભળ્યું અને બાજુમાં બેઠેલાં મણિબેનને કહ્યું, "મણિબેન, જવાહર એની આ ભૂલ બદલ પેટ ભરીને પસ્તાશે."

જીવનના કેટલાક પ્રશ્નો થોડી મથામણ પછી આરામથી ઉકેલી શકાય તેમ હોય; પણ આવા પ્રશ્નોને વધુ ખેંચવામાં આવે તો એ એવો ગૂંચવાય જાય કે, કાયમનો માથાનો દુ:ખાવો બની જાય. ઝઘડાઓના નીવેડાઓ બને ત્યાં સુધી આપમેળે જ લાવવા જોઈએ. કારણ કે મધ્યસ્થીની મદદ લેવા જઈએ તો ઘણી વખત 'ઉલમાંથી ચૂલમાં' પડવા જેવી સ્થિતિ થાય છે.



# વાસ્તુશાસ્ત્રની મૂળભૂત વ્યાખ્યા



**જ્યોતિષ આચાર્ય**
**શ્રી સુરેશભાઈ ગાંધી-કેનેડા**
**+1 (647) 273-2385**

વાસ્તુશાસ્ત્ર વસ્તુઓને કારણે હોય છે અને વસ્તુઓ બે પ્રકારની હોય છે એક સજીવ અને બીજી નિર્જીવ. વાસ્તુશાસ્ત્રના તમામ પુસ્તકો અને વાસ્તુશાસ્ત્રના નિષ્ણાતો નિર્જીવ વસ્તુઓ પર વધુ ભાર મૂકે છે. જેમ કે ઘરમાં રહેલુ ફર્નિચર જેવી ને જીવ વસ્તુમાં પણ વાસ્તુશાસ્ત્ર જુએ છે. પણ શ્રેષ્ઠ પરિણામ મેળવવા માટે લાઈવ વાસ્તુ અભિગમ એટલે કે તમારી પોતાની શ્રેષ્ઠ શક્તિ વડે વાસ્તુના દોષોને સરળતાથી અને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે. તેમાં તમારા ઈષ્ટદેવની અથવા તો તમને જેમાં શ્રદ્ધા હોય તે શક્તિ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. કારણ કે પરમાત્માએ તમારા જન્મ પહેલાં જ તમારા માટે ચારે બાજુ સમૃદ્ધિનું સર્જન કરેલું છે સૃષ્ટિમાંની દરેક બાબત એક સુયોજિત ઘટના છે. પર્યાવરણમાં પણ તમારા જીવનને સમૃદ્ધ બનાવવા માટે ભરપૂર ઊર્જા છે પરંતુ તે પ્રાપ્ત કરવા માટે આપણી પાસે ગ્રહણ કરવાની પદ્ધતિ જોઈએ અને વાસ્તુશાસ્ત્ર એ સમૃદ્ધિને પ્રાપ્ત કરવાની આધ્યાત્મિક પદ્ધતિ છે જીવનમાં સુખી સમૃદ્ધ સ્વાસ્થ્યમય અને સફળ થવા માટે આ આધ્યાત્મિક અને વૈદિક જ્ઞાન ને સમજીને તેનો અમલ કરવો જોઈએ દાખલા તરીકે મકાનમાં વાસ્તુદોષ હોય અને કોઈ જ્યોતિષ બધી સમસ્યાઓના નિરાકરણ માટે રસોઈ કરતા અગાઉ રસોડામાં દીવો પ્રગટાવવાનું કહે તો ઘણી વખત તમને એ વિચાર ગળે ઉતરે નહીં જેથી એવો વિચાર ફળદાયી નિવડતો નથી માટે સર્વ પ્રથમ તો તમારે તમારી જાત ઉપર અને તમે જેમાં પણ વિશ્વાસ રાખતા હોય એવી ઈશ્વરીય શક્તિ પર વિશ્વાસ રાખવો પડે તો જ વાસ્તુશાસ્ત્ર તમને સહાયક બને ઘરના વાસ્તુ માટે તમારા ઘરનું પ્રવેશ દ્વાર અને તમારા ઘરનું બ્રહ્મસ્થાન એ અગત્યની બાબત છે.




(વધુ આવતા અંકે)

# આખા વિશ્વને ચલાવનાર નારાયણને પણ પોતાના ગર્ભમાં ધારણ કરવાની ક્ષમતા ધરાવતું વ્યક્તિત્વ એટલે સ્ત્રી

**નિર્મળા દરજી ,કેનેડા**

સ્ત્રી શબ્દ ઘણો નાનો છે પરંતુ આખા વિશ્વને ચલાવનાર નારાયણને પણ પોતાના ગર્ભમાં ધારણ કરવાની ક્ષમતા ધરાવતું વ્યક્તિત્વ એટલે સ્ત્રી સ્ત્રીનું જીવન સેવા સ્નેહ સહનશીલતા ત્યાગ સમર્પણ અને બલિદાનનું મહાકાવ્ય છે સ્ત્રીમાં ઘરને સ્વર્ગ બનાવવાની શક્તિ પણ રહેલી છે સ્ત્રી પોતે માતા બહેન પત્ની અને પુત્રી તરીકે પુરુષોના જીવનને સિંચે છે સ્ત્રી એટલે અગરબત્તીની જેમ પોતાની જાતને બાળીને સમગ્ર પરિવારને સુગંધિત કરે છે માટે આપણે બુદ્ધિથી વિચારીએ તો સમજ બહાર નું વ્યક્તિત્વ અને પ્રેમથી વિચારીએ તો સ્ત્રી એટલે સરળ અસ્તિત્વ સ્ત્રી જો બહેન છે તો પ્રેમનું દર્પણ છે સ્ત્રી જો પત્ની છે તો ખુદ નો સમર્પણ છે સ્ત્રી જો ભાભી છે તો ભાવનાનો ભંડાર છે અને સ્ત્રી જો માસી અથવા મામી છે તો સ્નેહ નો સત્કાર છે સ્ત્રી જો કાકી છે તો કર્તવ્ય ની સાધના છે અને સ્ત્રી જો માં છે તો સાક્ષાત દેવીનો અવતાર છે.


સ્ત્રી ઘરની લક્ષ્મી તરીકે પૂજાય છે માટે જ્યારે દીકરી જન્મે ત્યારે તેના કંકુ પગલાની છાપ લેવાય છે સ્ત્રી માત્ર ઘરની લક્ષ્મી નથી એ તો સમગ્ર કુટુંબની શક્તિ છે દરેક ક્ષેત્ર મા તે ઉચ્ચ સ્થાન ધરાવે છે સ્ત્રી ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાનું સ્થાન જાળવી રાખે છે આપણે જોઈએ કે વર્ષો પછી પણ દ્રૌપદી તથા સીતા માતા જેવી સ્ત્રીઓ આજે પણ લોકો માટે આદર્શ છે લાગણીની વાત કરીએ તો પુરુષ મગજથી જીવે છે જ્યારે સ્ત્રી હૃદયથી જીવે છે પુરુષ ગણિત છે



તો સ્ત્રી સંગીત છે.

સ્ત્રી ફક્ત માતા નથી નિર્માતા છે જે બાળકની જીવન ફિલ્મ તૈયાર કરે છે એટલે કે તે બાળકને પ્રેમ અને સંસ્કાર આપે છે કોઈ લાખ કરે પણ પિતા જે ના કરી શકે તે માતા કરે છે અને બાળકને ઉત્તમ બનાવવા પોતાની જિંદગી ખરચી નાખે છે સ્ત્રીઓ હાલના યુગમાં આકાશને આવવા જઈ રહી છે તે પુરુષ સમોવણી થઈ રહી છે છતાં પણ તેના સંઘર્ષ તો વેઠવા જ પડે છે આવી પરિસ્થિતિમાં પણ તે અડક ઊભી રહી છે અને દેશના તિરંગા ને પણ ગગનમાં લહેરાયો છે માટે જ કહેવાય છે કે હજારો દીવડા ભેગા મળીને એક આરતી બને છે હજારો પાણીના બુંદ થી સાગર બને છે જ્યારે માત્ર એક જ સ્ત્રીથી ઘર સ્વર્ગ બને છે કનૈયા તારા છપ્પન ભોગ પર એક તુલસી ભારી છે એટલે જ સ્ત્રી માટે નારી તું નારાયણી કહેવાય છે.



# જય જય ગરવીગુજરાત !

**પરેશ શાહ, શિક્ષણવિદ, વડોદરા**

ખરેખર, ગુજરાતી ભાષા અને ગુજરાત પ્રત્યેનો પ્રેમ આપણા કવિઓ અને સાહિત્યકારોની રચનાઓમાં સ્પષ્ટપણે ઝળકે છે. નીચે ટાંકેલા તમામ અવતરણો ગુજરાત અને ગુજરાતીપણાની ગરિમા, સંસ્કૃતિ, અને વિશેષતાઓને અદ્ભુત રીતે અહીં રજૂ કરવાનો નમ્ર પ્રયાસ છે. ચાલો નીચેના અવતરણોને જાણીએ અને સમજીએ

**ગુજરાતઃ ગરિમા, ગૌરવ અને ગુજરાતીપણાનો મહિમા**

ગુજરાત, એક એવું રાજ્ય જે માત્ર ભૌગોલિક સીમાઓથી બંધાયેલું નથી, પરંતુ એક જીવંત સંસ્કૃતિ, ઉદ્યમશીલતા અને અનોખી ઓળખનું પ્રતીક છે. ગુજરાતી સાહિત્યના મહાન ઉપાસકોએ પોતાની કલમ દ્વારા આ ભૂમિ અને તેની ભાષાનો મહિમા ગાયો છે. તેમના શબ્દોમાં ગુજરાત પ્રત્યેનો ઊંડો પ્રેમ, ગર્વ અને આત્મીયતા છલકાય છે.

**નર્મદઃ "જય જય ગરવી ગુજરાત"**


આપણા આદ્ય કવિ નર્મદનું "જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પરભાત" કાવ્ય ગુજરાતની ઓળખ બની ગયું છે. આ પંક્તિઓ ગુજરાતના ભવ્ય ભૂતકાળ, વર્તમાનની તેજસ્વીતા અને ઉજ્જવળ ભવિષ્યની વાત કરે છે. "ઊંચી તુજ સુંદર જાત" કહીને નર્મદ ગુજરાતીઓની ઉચ્ચ સંસ્કારિતા અને વિશિષ્ટતાનો નિર્દેશ કરે છે. આ ગીત માત્ર એક ગીત નથી, પરંતુ દરેક ગુજરાતીના હૃદયમાં ગૂંજતો રાષ્ટ્રપ્રેમનો નાદ છે.


**ખબરદારઃ "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત"**

કવિ ખબરદારની આ અમર પંક્તિઓ ગુજરાતીઓની વૈશ્વિક ઉપસ્થિતિ અને તેમની સાંસ્કૃતિક અસ્મિતાને ઉજાગર કરે છે. ભલે ગુજરાતીઓ વિશ્વના કોઈ પણ ખૂણે વસતા હોય, તેમનું હૃદય હંમેશા ગુજરાત સાથે ધબકે છે. "જ્યાં જ્યાં ગુજરાતી બોલાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત" - આ પંક્તિ દર્શાવે છે કે ભાષા માત્ર સંવાદનું માધ્યમ નથી, પરંતુ તે સંસ્કૃતિનું વાહક છે અને જ્યાં ગુજરાતી બોલાય છે, ત્યાં ગુજરાતની ગરિમા અને પરંપરાઓ જીવંત રહે છે. ખબરદાર "ગુર્જર વાણી, ગુર્જર લ્હાણી, ગુર્જર શાણી રીત" દ્વારા ગુજરાતીઓની મીઠી વાણી, આતિથ્ય સત્કાર અને વ્યવહારિક ડહાપણનો પણ ઉલ્લેખ કરે છે. તેમની પંક્તિ "જંગલમાં પણ મંગલ કરતી, ગુર્જર ઉદ્યમ પ્રીત" ગુજરાતીઓના અદમ્ય સાહસ, પરિશ્રમ અને કોઈપણ પરિસ્થિતિમાં સફળતા પ્રાપ્ત કરવાની ક્ષમતાને દર્શાવે છે.

**કવિ ન્હાનાલાલઃ "ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ, અમારો ગુણિયલ ગુર્જર દેશ"**

કવિ ન્હાનાલાલ ગુજરાતને પુણ્યભૂમિ તરીકે વર્ણવે છે. તેઓ ગુજરાતને શ્રી કૃષ્ણચંદ્રની પવિત્ર ભૂમિ તરીકે ઓળખાવે છે, જે દર્શાવે છે કે ગુજરાત આધ્યાત્મિક અને ધાર્મિક રીતે કેટલું સમૃદ્ધ છે. "કૃષ્ણચંદ્રની કૌમુદી ઊજળો, કીધ પ્રભુએ સ્વદેશ" - આ પંક્તિઓ ગુજરાતના પૌરાણિક મહત્વ અને દેવી આશીર્વાદની વાત કરે છે.






**ઉમાશંકર જોષીઃ "મળતા મળી ગઈ મોંઘેરી ગુજરાત" અને ગુજરાતીની વ્યાખ્યા**

જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ઉમાશંકર જોષી ગુજરાતને "મોંઘેરી ગુજરાત" અને ભારતની ભોમમાં "ઝાઝેરી ગુજરાત" કહીને તેના અપ્રતિમ મૂલ્ય અને મહત્વને રેખાંકિત કરે છે. તેઓ ગુજરાતની ધરતીને કૃષ્ણના ચરણરજથી પવિત્ર થયેલી અને ગાંધીજીની વાણીથી પાવન થયેલી ભૂમિ તરીકે ઓળખાવે છેઃ "કૃષ્ણ ચરણરજ પુનિત ધરા આ ગાંધીગિરા ગુજરાતી."

ઉમાશંકર જોષી એક સાચા ગુજરાતીની વ્યાખ્યા પણ આપે છે. તેઓ કહે છે કે જે ફક્ત ગુજરાતી હોવા પૂરતો જ સીમિત નથી, પરંતુ જેનું હૃદય સમગ્ર ભારતભૂમિના નામે ગજ ગજ ફૂલે છે, તે જ સાચો ગુજરાતી છે. "મહારાષ્ટ્ર, દ્રવિડ, બંગાળ, બિહાર બધું અનુકૂલ, જ્યાં પગ મૂકે ત્યાંનો થઈને રોપાયે દ્રઢમૂલ." આ પંક્તિઓ ગુજરાતીઓની અનુકૂલનશીલતા અને જ્યાં જાય ત્યાં સ્થાનિક સંસ્કૃતિ સાથે ભળી જવાની ક્ષમતા દર્શાવે છે. તેમની સેવાભાવના અને સુવાસ જગતભરમાં ફેલાયેલી છે, જે તેમને નખશીખ ગુજરાતી બનાવે છે.

**'શૂન્ય' પાલનપુરીઃ "ગોદ મા ગુજરાતની"**

શાયર 'શૂન્ય' પાલનપુરી ગુજરાત પ્રત્યેની પોતાની અંતિમ ઈચ્છા વ્યક્ત કરતાં કહે છે કે જો મૃત્યુ સમયે પણ તેમને ગુજરાતની ગોદ મળે, તો તેમનું જીવન ધન્ય બની જાય. "શૂન્ય મારી જિંદગીને તો જ લેખું ધન્ય હું, મૃત્યુ ટાણે પણ મળે, જો ગોદ મા ગુજરાતની." આ પંક્તિ ગુજરાત સાથેના તેમના ગાઢ ભાવનાત્મક બંધનને પ્રદર્શિત કરે છે.

**રમેશ ગુપ્તાઃ "યશગાથા ગુજરાતની"**

રમેશ ગુપ્તા ગુજરાતના ધાર્મિક અને ઐતિહાસિક વારસાને યાદ કરીને કહે છે કે કવિઓ હંમેશા ગુજરાતની યશગાથા સુવર્ણ અક્ષરોમાં લખશે. "જય સોમનાથ, જય દ્વારકેશ, જય બોલો વિશ્વના નાથની, સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની." આ પંક્તિઓ ગુજરાતના ગૌરવશાળી ઈતિહાસ અને આધ્યાત્મિક મહત્વને ઉજાગર કરે છે.

**વિનોદ જોષીઃ "હું એવો ગુજરાતી"**

વિનોદ જોષી સ્વયં ગુજરાતી હોવાના ગર્વને સ્પષ્ટપણે રજૂ કરે છે. "હું એવો ગુજરાતી, જેની, 'હું ગુજરાતી' એ જ વાતથી ગજ ગજ ફૂલે છાતી." તેઓ અરવલ્લીના પિંડ અને રત્નાકરના ધબકારાને પોતાના પ્રાણમાં અનુભવે છે, જે ગુજરાતના ભૂગોળ અને તેના લોકોના અદમ્ય ભાવનાત્મક જોડાણને દર્શાવે છે. તેઓ પોતાની જાતને સાવજની ત્રાડ અને ગરવી ગુજરાતી ભાષા તરીકે ઓળખાવે છે, જે ગુજરાતીઓની શક્તિ, હિંમત અને ભાષાના ગૌરવનું પ્રતીક છે.

**'ખલીલ' ધનતેજવીઃ "વાત મારી જેને સમજાતી નથી, એ ગમે તે હોય, ગુજરાતી નથી."**


શાયર 'ખલીલ' ધનતેજવી પોતાની આગવી શૈલીમાં ગુજરાતીપણાની ઊંડી સમજણની વાત કરે છે. તેમની આ પંક્તિ રમૂજી હોવા છતાં, ગુજરાતી સંસ્કૃતિ, વ્યવહાર અને ભાષાની બારીકાઈથી વાકેફ હોવાના મહત્વ પર ભાર મૂકે છે. જે વ્યક્તિ ગુજરાતી ભાવનાને સમજી શકતો નથી, તે ભલે ગમે તે હોય, સાચો ગુજરાતી ન હોઈ શકે.

**અમર સદા અવિનાશઃ "ગુજરાતને ગાતું કરનાર"**


'ગુજરાતને ગાતું કરનાર' અમર સદા અવિનાશ ગુજરાતની ભૌગોલિક સુંદરતા અને ઐતિહાસિક મહત્વને વર્ણવે છે. "જેની ધરતી સદા રસાળ, હરિયાળી ડુંગરમાળ, જ્યાં જળભર સરિતા સરતી, એવી ગુર્જરી માની ધરતી, જેની ઉપર ગગન વિશાળ!" આ પંક્તિઓ ગુજરાતના રમણીય પ્રકૃતિ અને વિશાળ આકાશનો ચિતાર આપે છે.

તેઓ ગુજરાતના ઐતિહાસિક પ્રસંગો અને લોકવાયકાઓનો પણ ઉલ્લેખ કરે છે, જેમ કે "જબ કૂત્તે પર સસ્સા આયા, તબ બાદશાહને શહર બસાયા" જે અમદાવાદ શહેરની સ્થાપના સાથે જોડાયેલી લોકકથા છે. "મંદિર મસ્જિદ સાથે રામ રહીમની છાયા" દ્વારા તેઓ ગુજરાતની કોમી સદ્ભાવના અને ધાર્મિક સહિષ્ણુતા દર્શાવે છે. સાબરમતી નદીના કિનારે ગાંધીજીએ દાંડીયાત્રા કરી, તે પ્રસંગનો ઉલ્લેખ કરીને તેઓ ગુજરાતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલા યોગદાનને પણ યાદ કરે છે.

આમ, ગુજરાતી ગિરાના આ ઉપાસકોએ તેમના શબ્દો દ્વારા ગુજરાતની ભૂમિ, ભાષા, સંસ્કૃતિ, ઈતિહાસ, અને તેના લોકોના અનન્ય ગુણધર્મોને અદ્ભુત રીતે ઉજાગર કર્યા છે. તેમની રચનાઓ માત્ર કાવ્યો નથી, પરંતુ ગુજરાતની આત્માને પ્રતિબિંબિત કરતા દર્પણ સમાન છે, જે દરેક ગુજરાતીને ગર્વ અને પ્રેરણા પૂરી પાડે છે.



# શ્રીજીમહારાજની દિવ્ય પરંપરાનું દિપજ્યોત



**‘આભને ટેકો દૈને જેના પ્હાડ ખડા, તે દેશ છે મારો;**
**ઓત્તરાદા અરિહુમલા ખાળે હિમ જેનાં, તે દેશ છે મારો;**
**ત્રણ બાજુએ સિંધુ પખાળે પાય જેનાં, તે દેશ છે મારો;**
**ચંદ્ર વડે જેના રમવા ચાહ્યું શિશુ રામે, તે દેશ છે મારો;**
**ઊંચક્યો પહાડ ગોવર્ધન અદ્ધર ઘનશ્યામે, તે દેશ છે મારો...’**

ભારત એ વૈભવશાળી સંસ્કૃતિ અને પવિત્ર વારસાનો ધારક છે. ઉત્તર તરફ હિમાલય અને ત્રણ બાજુએ સમુદ્રે પાવન બનાવેલી આ ભૂમિએ ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન સ્વામિનારાયણ જેવા અવતારોને સ્થાન આપ્યું છે. અહીંના લોકો માટે ‘વસુધૈવ કુટુંબકમ્’ જેવી ઉદાર જીવનદૃષ્ટિ સામાન્ય છે. વિવિધતામાં એકતા, ઋષિઓથી વિજ્ઞાનીઓ સુધીનું યોગદાન અને રાષ્ટ્રપ્રેમે પ્રેરિત હૃદય – ભારતને ખરો મહાન બનાવે છે.

શાંતિની ખોજમાં યુગોથી મથી રહેલો માનવી અસંખ્ય વિચારોની દુનિયામાં ખોવાયેલો રહે છે. બ્રહ્માંડોની ગતિને માપવાના પ્રયત્નોથી લઈને સૂક્ષ્મ અણુનીય ભીતરમાં તે ઘૂમી વળ્યો છે. સાગરના પેટાળમાં અને ચંદ્રની સપાટી પર તે વિહરી ચૂક્યો છે. જીવનને શાંતિ આપવાની લ્હાયમાં અસંખ્ય ભૌતિક શોધખોળો પાછળ અસંખ્ય વિચારોમાં માનવીની પેઢીઓની પેઢીઓ વીતી ગઈ. પરંતુ અંતે આધ્યાત્મિકતા તે જ સર્વશ્રેષ્ઠ અને અંતિમ ઈલાજ સાબિત થયો : શાશ્વત શાંતિ પામવાનો. પરંતુ જે અગમ્ય છે, અપાર છે, અલૌકિક છે, અનિર્વચનીય છે, એવા પરમાત્માને માનવીની સામાન્ય લૌકિક બુદ્ધિથી કેવી રીતે પામી શકાય ? એવા પરમાત્માને અને એમના ગુણાતીત સંતને આપણાં તુચ્છ સાધનોથી કેવી રીતે પ્રસન્ન કરી શકાય ?

પ્રખ્યાત સાક્ષર શ્રી ચંદ્રવદન મહેતાએ ભગવાન સ્વામિનારાયણને આલેખતાં કહ્યું છે : ‘છેવટે ગુજરાત, સહજાનંદજીને યાદ કરશે તે સંત તરીકે નહીં, ધર્માચાર્ય તરીકે નહીં, સાહિત્યપ્રેરક તરીકે નહીં... પણ એમણે જનતામાંથી માંસ, દારૂ, વ્યભિચાર, અસત્ય ને ચોરી - એ પાંચ મુખ્ય બદીઓ દૂર કરી તેને માટે; એમણે ગુજરાતના પશુ જેવા માણસોને માણસો બનાવ્યા તેટલા માટે. સહજાનંદ સ્વામી ન હોત તો આપણે ગુજરાતને ‘ગરવી’ કહીએ એવું ન હોત.

ગુજરાતમાં જે સદાચાર છે તેને સ્થાને એ જોવું ન ગમે તેવું ગંદુ હોત. આજે જે ગુજરાતનું નામ સાંભળી આપણું હૈયું ઊછળે છે, તેને બદલે સહજાનંદ સ્વામી ન હોત તો ગુજરાતનું નામ સાંભળતાં આપણે શરમના માર્યા નીચું જોવું પડત.’

ભગવાન સ્વામિનારાયણમાં સ્થિતપ્રજ્ઞતા, સમતા, મમતા, અનાસક્તિ, અહંશૂન્યતા જેવા કૈંક ગુણો ઉત્કૃષ્ટ કક્ષાએ પ્રકાશતા હતા, તે ઉપરોક્ત વિધાન પરથી સમજાય છે.

કાળા અક્ષરને કૂટી માર્યા હોય એવી અભણ બાઈ હોય કે વિદ્વત્તાથી મોટાંમોટાં રજવાડાં ગજવનાર બ્રહ્માનંદ જેવા સાહિત્યસ્વામી હોય - સૌ અહીં આનંદના સાગરમાં હિલોળતાં હતાં.

**સૌનાં અંતર એક જ સૂર પડઘાવતાં હતાં :**
**‘આજ અમૃતની હેલી થઈ, રહી નહીં કાંઈ ખોટ;**
**એક કલ્યાણનું ક્યાં રહ્યું, થયાં કલ્યાણ કોટ...’**

વર્ષોની કઠિન તપશ્ચર્યા પછી પણ સંન્યાસીઓ કલ્યાણ પામવાની પ્રતીતિથી વંચિત રહી ગયા છે. તે પ્રતીતિ શ્રીજીએ સૌને કરાવી હતી. આ જ આ સંપ્રદાયની વિશેષતા છે.

શ્રીજીમહારાજ ભક્તોના દુઃખે દુઃખી થઈ જતા અને તેમનું દુઃખ પોતે વેઠીને તેને મદદ કરવા સદા તત્પર રહેતા. સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ મહારાજની આ લાક્ષણિકતાને વર્ણવતાં લખ્યું છે કે

**‘કોઈને દુખિયો રે, દેખી ન ખમાય;**
**દયા આણી રે, અતિ આકળા થાય;**
**અન્ન-ધન-વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;**
**કરુણાદૃષ્ટિ રે, દેખી વાન જ વાળે.’**

ભારતીય શાસ્ત્રો ત્રણ પ્રકારના કર્મકોઠાર બતાવે છે.

(1) સંચિત, (2) ક્રિયમાણ, (3) પ્રારબ્ધ.

આ ત્રણેય પ્રકારનાં કર્મફળ જીવને અવશ્ય ભોગવવાં પડે છે.

પરંતુ ભગવાન સ્વામિનારાયણ કહે છે : ‘ભગવાનના ભક્ત-સંત અને ભગવાનના અવતાર તે કુરાજી થાય એવું કાંઈક કર્મ થઈ જાય તો આ ને આ દેહે મૃત્યુલોકમાં યમપુરીના જેવું દુઃખ ભોગવે અને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ કરે તો આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું સુખ ભોગવે અને ભગવાન અને ભગવાનના સંતને કુરાજી કરે ને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તો પણ તેનો નાશ થઈ જાય ને નરકમાં પડવું પડે અને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તોપણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે. માટે જે સમજુ હોય તેને તો ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ જ વર્તવું.’ (વચ. ગ.મ. 45)

અંતિમ પ્રકાશબિંદુ :

ભગવાન સ્વામિનારાયણે જે આધ્યાત્મિક જ્યોત પ્રગટાવી તેને આજના યુગમાં પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજી મહારાજે અનંત હૃદયોમાં પ્રગટાવી છે. તેઓ સ્મૃતિમાં નથી – દિવ્ય ઉપસ્થિતિરૂપે આજે પણ લાખો જીવનમાં જીવંત છે.

તેમને મળ્યા પછી એક જ વાત હૃદયે ઊતરે:

સાચા સંત એટલે જીવતા ભગવાન.

અને હરિપ્રસાદ સ્વામીજી એજ શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરતા હતા.

વચનામૃત વડતાલ - ૧૯ અનુસાર શ્રીજી મહારાજ કહે છે:

“આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કે ભગવાનના સાધુ પૃથ્વી ઉપર જરૂર વિચરતા હોય છે; અને જો એ જીવને તેમની ઓળખ થાય, તો એ ભગવાનનો ભક્ત બને છે.”

આ દિવ્ય વચનના અનુરૂપ શ્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીના આધ્યાત્મિક કાર્યને આજના યુગમાં પ્રબોધજીવનદાસજી સ્વામીજી મહારાજ શ્રદ્ધા, આત્મીયતા અને સમર્પણથી આગળ ધપાવી રહ્યા છે.

હિંદુ સંસ્કૃતિ કોઈ એક સમયગાળાની વારસદાર નથી, તે સમયાતીત છે. અને સ્વામીજી જેવા મહાન સંતના આશીર્વાદથી એ સંસ્કૃતિ આજે પણ ઉજાસ પમાડે છે. આપણાં જીવનમાં પણ અને જગતના હૃદયમાં પણ.

જય હિંદુ સંસ્કૃતિ! શ્રી કલ્પેશભાઈ પટેલના સૌ હરી ભક્તોને જય સ્વામિનારાયણ!

# કેનેડાના વડતાલધામના ૨૦મા પાટોત્સવ પ્રસંગે કેનેડા સરકાર દ્વારા સન્માન





શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ટોરન્ટો કેનેડાના ૨૦ માં પાટોત્સવ પ્રસંગે . કેનેડીયન સરકારના ચુટાયેલ પ્રતિનિધિઓ સૌન ચેન અને રેમેન્ડ ચો દ્વારા આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ અને કોઠારી પવન સ્વામીને પત્ર ૨૦ વર્ષની સેવા માટે અભિનંદન પાઠવ્યા હતા. અને કહ્યું હતું કે. કેનેડાના વિકાસમાં તમે સંગઠિત રહીને વર્ષોથી યોગદાન આપી રહ્યા છો. હું વિશેષ ખુશી અનુભવું છું. કારણકે મારા પિતાજી પણ કલકત્તાથી કેનેડા આવ્યા હતા.

આજથી વીસ વર્ષ પહેલા વડતાલ સંપ્રદાયના અનુયાયીઓએ એક યુનીટ ખરીદીને સત્સંગ ચાલુ કર્યો હતો.. જોતજોતામાં આજે વિસ વિસ વર્ષ થઈ ગયા છે.

૨૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા સત્સંગિજીવનના વક્તાપદે શા શ્રીહરિગુણદાસજી સ્વામી ઉમરેઠ અને હનુમંત ચરિત્ર કથાના વક્તા શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામી સારંગપુરવાળા બિરાજમાન થયા હતા.

આ પ્રસંગે ૧૦૮ લાલજી મહારાજ શ્રી સૌરભપ્રસાદજી મહારાજ- ગાદિપતિના ધર્મપત્નીશ્રી પણ મહિલાઓને આશીર્વાદ આપવા આવ્યા હતા. આ પ્રસંગે વડતાલથી ચેરમેનશ્રી ડો સંતવલ્લભદાસજી સ્વામીએ વડતાલની સેવા પ્રવૃત્તિને બિરદાવી હતી.

# કેનેડા દેશનાં ટોરોન્ટોમાં શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિરનો મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો







કેનેડા દેશનાં ટોરોન્ટોમાં મુળ સ્વામિનારાયણ સંપ્રદાય વડતાલ ગાદીનુ આ બિજુ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર તૈયાર થયું છે.

કેનેડા દેશમાં પ્રથમ મંદિર કેલગરી ખાતે તારીખ.30/6/2024 નાં રોજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

કેનેડા માં વસતા સનાતન ધર્મનાં યુવાનો અને ભક્તોનાં પરીવારમાં સત્સંગ અને સંસ્કૃતિ જળવાઈ રહે તેવા હેતુથી વડતાલ ગાદીના પ.પુ.1008 શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીના આશીર્વાદથી પ.પુ.108 શ્રી ભાવિ આચાર્ય શ્રીનૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા બાળ લાલજી શ્રી યજ્ઞેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે વેદોક્ત વિધિ સાથે શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર ટોરોન્ટો (વડતાલ ધામ)નો સુંદર મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા.08-06-2025 રોજ ઉજવવામાં આવ્યો હતો જેમાં ઠાકોરજી અને ધર્મકુળની શોભાયાત્રા સહિતની વિધી વેદોક્ત મંત્રોચ્ચાર સાથે પવિત્ર ભુદેવાના સાનિધ્યમાં કરવામાં આવી હતી.

આ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ કથાનું આયોજન તા. 04-06-2025 થી તા. 08-06-2025 સુધી કરવામાં આવ્યું હતું જેમા વક્તા પદે ગઢપુરનાં શાસ્ત્રી સ્વામી ઘનશ્યામ વલ્લભદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું.

આ પ્રસંગે કેનેડા જેવા દેશમાં પણ મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં. સાથે પ.પુ.અ.સૌ. વહુજીમહારાજ તથા શ્રી લાલીરાજા શ્રી પધારી બહેનોને સત્સંગનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે કેનેડા ઓન્ટારીયોના પ્રાંતિય સંસદના સભ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મંત્રીનાં સંસદીય સહાયક એવાં શ્રી અમરજોત સંધુ અને શ્રી સંજીવ સકલાની - (કોન્સ્યુલ ચાન્સરીના વડા (કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા, ટોરોન્ટો) પણ ઉપસ્થિત રહ્યા હતા. ટોરોન્ટો નૃતન મંદિર ખાતે મહોત્સવ માણવા પધારતા ભક્તો માટે મહિલા મંડળ દ્વારા સુંદર ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વિદેશીયાત્રામાં ગઢપુરથી શ્રી કે.પી.સ્વામી, વડતાલથી સ્વામી સર્વમંગલદાસજી તથા શ્રીજનમંગલભગત સહિત જોડાયા છે. સાથે અમેરિકાનાં હુસ્ટન શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર ખાતે તા. 16-6-25 થી તા.22-6-25 સુધી શ્રીમદ્ સત્સંગિજીવન કથા અને વર્જીનીયા ખાતે તા.24-6-25 થી તા. 28-6-25 સુધી સત્સંગ શિબિર યોજવામાં આવી છે. જેમાં મોટી સંખ્યામાં બાળકો સહિત મોટી સંખ્યામાં હરિભક્તો જોડાશે અને સનાતન હિન્દુ સંસ્કૃતિનાં મૂલ્યોને જીવનસાત કરશે. સાથે અમેરિકાનાં સ્ક્રેન્ટન સ્વામિનારાયણ મંદિર ખાતે 11 મો પાટોત્સવ તા.2-7-25 થી તા.6-7-25 સુધી ભવ્ય ઉજવણી કરવામાં આવશે.



# “સમર મેકઈન્ટોશે બેલ કેનેડિયન સ્વિમિંગ ટ્રાયલ્સમાં 10 વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો”




સોમવારની રાત્રે, તેણે મહિલા 200 મીટર ઇન્ડીવિઝ્યુઅલ મેડલમાં 2:05.70 નો સમય નોંધાવ્યો. 18 વર્ષની ઉંમરે તેણે લગભગ 10 વર્ષ જૂના હંગેરીની કેટીન્કા હોસ્ઝૂએ 2015 ની વર્લ્ડ અક્વેટિક્સ ચેમ્પિયનશીપ્સમાં બનાવેલ રેકોર્ડ કરતાં 0.42 સેકન્ડ ઝડપી સમય નોંધાવ્યો.

“આ એ રેકોર્ડ પૈકી એક છે જે છેલ્લા બે વર્ષથી ટ્રાયલ્સ પછી મારા મનમાં સતત રહ્યો છે,” મેકઈન્ટોશે કહ્યું. “હું સતત તેના નજીક જતી રહી છું. હું ધીમે ધીમે આ તરફ પ્રયાણ કરી રહી હતી. અને હવે તે પ્રાપ્ત કર્યું તો એવું લાગે છે કે 'વાહ, આ રેકોર્ડ પણ હાંસલ કરી લીધો'.” મેકઈન્ટોશે છેલ્લા વર્ષના પેરિસ 2024 ઓલિમ્પિક્સમાં તેના ત્રણ ગોલ્ડ મેડલમાંનું એક મેડલ 200 મીટરમાં જીત્યું હતું. તે સમયે તેનો વિજયી સમય 2:06.56 હતો, જે ઓલિમ્પિક, વર્લ્ડ જુનિયર અને કેનેડિયન રેકોર્ડ હતો.

મેકઈન્ટોશે શનિવારે ટ્રાયલ્સના પ્રથમ દિવસે 400 મીટર ફ્રીસ્ટાઈલમાં વર્લ્ડ રેકોર્ડ ફરી મેળવી લીધો હતો, જ્યાં તેણે 3:54.18 નો સમય નોંધાવ્યો હતો. તેણે રવિવારે 800 મીટર ફ્રીસ્ટાઈલમાં 8:05.07 નો કેનેડિયન રેકોર્ડ પણ બનાવ્યો હતો, જે ઈવેન્ટમાં અત્યાર સુધીનો ત્રીજો સૌથી ઝડપી સમય છે અને અમેરિકાની કેટી લેડેકીએ મે મહિનામાં બનાવેલા વર્લ્ડ રેકોર્ડ કરતા ફક્ત 0.95 સેકન્ડ ધીમો છે. મેકઈન્ટોશે 400 મીટરના લૉંગ કોર્સ વર્લ્ડ રેકોર્ડનું માલિકપણું પણ ધરાવે છે, જેમાં તેણે ગયા વર્ષે ટ્રાયલ્સ દરમિયાન 4:24.38 નો સમય નોંધાવ્યો હતો. આ ઈવેન્ટ બુધવારે યોજાવાની છે.

# મનનું મંથન

**શ્રી ભદ્રેશભાઈ શાહ, ગોધરા**

**“જેમ શ્વાસ વિના દેહ નકામું બની જાય છે, તેમ નિજ જ્ઞાન વિના જીવન નકામું બની જાય છે”**

વૈષ્ણવો ! જેમ દેહનું અસ્તિત્વ શ્વાસ વિના શબ છે, તેમ આ દેહ થકી મળેલા જીવનની સાર્થકતા નિજજ્ઞાન છે. હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? આ દેહ છૂટે હું ક્યાં જઈશ ? આ સઘળાં પ્રશ્નોનું સમાધાન આ જીવન થકી મળશે. અન્ય યોનીમાં કોઈ સ્વતંત્રતા નથી. મનુષ્ય દેહે જો જાગૃતિ રાખીએ તો અનંત કાળની રઝળપાટથી સહેજ મુક્તિ મળે તેમ છે. હે વૈષ્ણવો ! આપણને(જીવ) સ્વરૂપનું વિસ્મરણ થવાના કારણે આ દેહને 'હું' માનીને જીવન જીવીએ છીએ, અને અંતે ભવચક્રના આંટામાં સામેલ થઈ જઈએ છીએ. અરે... આ જીવનની સાર્થકતા છે ?



ના વૈષ્ણવો ના આપણને(જીવ) આ મનુષ્ય દેહ થકી કંઈક એવા વિશેષ કાર્યની પૂર્તિ અર્થે પ્રભુએ મોકલ્યા છે, આ રંગમંચ ઉપર આપણને જે પાત્ર ભજવવા મળ્યું છે તેને પૂર્ણ નિષ્ઠાથી નિભાવો. કારણ એ આપણા ભાવોનું પરિણામ છે, એટલે એ આપણે ભોગવવા પડશે. જીવન થકી જીવન સાર્થક કરવાની કળા પણ શિખવાની છે. દેહ એ 'હું' નથી દેહ મારૂ સાધન છે. દેહનો સ્વભાવ નાશવંત છે, તેને ગમે તેટલું સાચવીએ તો પણ તે દિવસે દિવસે ગલન થઈ રહ્યો છે. સમય ઓછો છે, વૈષ્ણવો કઈ પળ આખરી છે તેની ખબર નથી. તો હરપલ સ્વયંનું સ્મરણ રહે તેવા સંગે અને તેવા પ્રયત્ન થકી આપણા મૂળ અધિષ્ઠાનમાં સ્થિત થવાનું લક્ષ રાખીએ.


વૈષ્ણવો ! જગતના દ્વંદ્વ આપણને વિચલિત કરશે, પણ એક પ્રેમીની જેમ તમારા સ્વરૂપ પ્રિયતમની યાદમાં રત રહીએ. ગમે તેટલી વ્યસ્તતા આવે, ગમે કેશના ગમે તેવા પ્રસંગો આવે તો પણ એમ માનજો કે આ સંયોગી છે . આવ્યા છે તો જરૂર જશે. નહીં જાય તો તે તમારો પ્રાણનાથ છે, એ તમને છોડશે નહીં, આપણે એને ભૂલીને ભટકી ના જવાય તે ધ્યાન રાખીએ. એજ ભક્તિ છે એ જ શ્રેષ્ઠ સાધના છે.

“તારા શુદ્ધ સ્વરૂપ સિવાય, બીજું દેખાય તે માયા (અવિદ્યા) છે”.

વૈષ્ણવો ! બધા જ સ્વરૂપમાં પ્રિય પ્રિતમ છે, એજ અખંડને અવિનાશી છે. નામ રૂપ ગુણ આકાર એ મિથ્યા ભ્રમ છે તેની બાદબાકી થતાં એક સ્વયં બ્રહ્મ જ છે તે અનુભવ કરીએ. તે દ્રષ્ટિથી સૌને નિહાળીએ. બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. શ્રીવલ્લભને સાક્ષાત્કારી સાનિધ્ય રાખીને આ પરવાનો લેવાનું નામ જીવન સાર્થકતા. બાકી, સ્મશાન સુધીની સિધ્ધિને રાખ જાણો. વૈષ્ણવો ! કોઈની સાથે અથડામણમાં ના પડશો, નહીંતર રાગ દ્વૈષ થશે અને સ્વયંનો પથ ચૂકી જવાશે. માટે હું તું કરી પરમા પ્રવેશ ના કરશો. જાગી જાઓ તો સ્વપ્નું મિથ્યા છે તેમ બ્રહ્મ સત્ય જગત મિથ્યા સમજાઈ જશે .

**“પુષ્ટિમાર્ગ નિજ ધર્મ છોડીને, પ્રકુતિના ધર્મમાં ફરે ; આધિ વ્યાધિ ને ઉપાધીમાં, જીવડો કાયમ બળે :”**

**શ્રી વલ્લભાધીશકી જય, શ્રી ગુસાઈજી પરમદયાલકી જય, શ્યામસુંદર શ્રીયમુને મહારાનીકી જય, જય જય શ્રીગોકુલેશ.**



# G-7 સમિટમાં પીએમ મોદી અને જ્યોર્જિયા મેલોની વચ્ચે મુલાકાત

## દ્વિપક્ષીય સંબંધો મજબૂત થતા રહેશે



ટોરેન્ટો : કેનેડાના કનાનિસ્કિસમાં G-7સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિશ્વના શક્તિશાળી નેતાઓ એકત્ર થયા છે. જેમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ વિશેષ આમંત્રણ પણ ત્યાં પહોંચ્યા છે. ત્યારે 51મા G-7 સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીને મળ્યા હતા. આ બંનેએ હાથ મિલાવ્યા અને એકબીજા સાથે વાતચીત કરી. એક વીડિયોમાં બંને નેતાઓ હસીને હાથ મિલાવતા જોવા મળ્યા. જોકે, તેની બાદ મેલોનીએ ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી અને પીએમ મોદી સાથેની તેમની મુલાકાતનો ફોટો શેર કર્યો અને લખ્યું, ઇટલી અને ભારત એક મહાન મિત્રતાથી જોડાયેલા છે.

પીએમ મોદી અને જ્યોર્જિયા મેલોની વચ્ચેની મિત્રતા સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગઈ છે. તેમન મેલોની હેશટેગ ટ્રેન્ડ થઇ રહ્યું છે. જ્યારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઇટલીના પ્રધાનમંત્રીની આ પોસ્ટ પર પણ પ્રતિક્રિયા આપી છે. પીએમ મોદીએ ભારત અને ઇટાલી વચ્ચે વધતી મિત્રતા પર ઉત્સાહ વ્યક્ત કર્યો અને કહ્યું કે તેમના દ્વિપક્ષીય સંબંધો મજબૂત થતા રહેશે. જેનો બંને દેશોને ફાયદો થશે.

# યુદ્ધના તણાવ વચ્ચે 110 ભારતીયો ઈરાનથી આર્મેનિયા સરહદેથી ભારત આવવા રવાના

નવી દિલ્હી: ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સંઘર્ષને આજે છ દિવસ થઈ ચૂક્યા છે. આ યુદ્ધ દિવસે દિવસે વધી રહ્યું છે. આ યુદ્ધની સ્થિતિ વચ્ચે ભારતે ઈરાનમાં ફસાયેલા પોતાના નાગરિકોને બચાવવા માટે રેસ્ક્યૂ મિશન શરૂ કર્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયે ઈરાન અને ઈઝરાયલમાં રહેતા ભારતીયો માટે હેલ્પલાઈન નંબર જાહેર કર્યા છે, જેથી તેમને સુરક્ષિત રીતે બહાર કાઢી શકાય. આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ચિંતા વધારી છે.

સોમવારે મોડી રાતથી મંગળવારે સવાર સુધી ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ભિષણ મિસાઈલ હુમલાઓ થયા. આ દરમિયાન ભારતે તાત્કાલિક પગલાં લેતા 110 ભારતીયોનો પ્રથમ જૂથ ઈરાનથી આર્મેનિયાના રસ્તેથી પરત ભારત લાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વિદેશ મંત્રાલયે ઈરાનમાં રહેતા ભારતીયોને તહેરાન છોડીને સુરક્ષિત સ્થળે જવાની સલાહ





આપી છે. ભારતીય દૂતાવાસ દ્વારા તમામ સંભવિત સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

આ યુદ્ધની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કેનેડામાં યોજાયેલા G7 શિખર સંમેલનમાં નેતાઓએ સંયુક્ત નિવેદન જાહેર કર્યું. આ નિવેદનમાં મધ્ય પૂર્વના સંઘર્ષ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી અને ઈરાનને તણાવ ઘટાડવાની અપીલ કરવામાં આવી. G7 નેતાઓએ ઈઝરાયલના આત્મરક્ષણના અધિકારને સમર્થન આપ્યું, પરંતુ સાથે જ ઈરાનને પરમાણુ હથિયારો ન બનાવવાની ચેતવણી પણ આપી. આ ઉપરાંત, G7 દેશોએ શાંતિ અને સ્થિરતા જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે જણાવ્યું કે, તહેરાનમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓને દૂતાવાસની વ્યવસ્થા દ્વારા સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ભારત આગળની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વધુ એડવાઈઝરી જાહેર કરશે. ભારત સરકારે આ મુશ્કેલ સમયમાં પોતાના નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપી છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયાએ 66 જેટલી બોઈંગ 787 ફ્લાઈટ્સ રદ કરી દેવાઈ

નવી દિલ્હી : અમદાવાદમાં 12 જૂન થયેલી વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયાએ તેના બોઈંગ 787 ડ્રીમલાઈનર વિમાનની 66 ફ્લાઈટ્સ રદ કરી છે.ડીજીસીએ દ્વારા જાહેર કરાયેલ સલામતી સૂચનાઓ અને જાળવણી તપાસને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, ડીજીસીઆઈએ સ્પષ્ટતા કરી છે કે એર ઈન્ડિયાના બોઈંગ 787 વિમાનોમા સલામતીની ચિંતા નથી અને આ પગલું ફક્ત સાવચેતીના ભાગરૂપે લેવામાં આવ્યું છે.

જોકે, ડીજીસીએના નિર્દેશો પછી એર ઈન્ડિયાએ 66 ફ્લાઈટ્સ રદ કરવાનો નિર્ણય લીધો. તેણે બોઈંગ 787-8 અને 787-9 વિમાનોની વ્યાપક જાળવણી તપાસનો આદેશ આપ્યો. આ ડીજીસીઆઈ તપાસમાં હાઇડ્રોલિક સિસ્ટમ, ફ્યુઅલ પેરામીટર મોનિટરિંગ અને કેબિન એર કોમ્પ્રેસર જેવી મહત્વપૂર્ણ તકનીકોની તપાસનો




સમાવેશ થાય છે.

મીડિયા અહેવાલોમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે આ ફ્લાઈટ્સ રદ કરવાથી મુખ્યત્વે લંડન, પેરિસ, વિયેના અને દુબઈ જેવા આંતરરાષ્ટ્રીય રૂટ પર અસર પડી છે. એર ઈન્ડિયાએ છ બોઈંગ 787-8 વિમાનોને અસ્થાયી રૂપે ગ્રાઉન્ડેડ કર્યા છે. કારણ કે તેમાં ટેકનિકલ ખામીઓ મળી આવી હતી.

એર ઈન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'મુસાફર સુરક્ષા અમારી ટોચની પ્રાથમિકતા છે. ડીજીસીએના નિર્દેશોને અનુસરીને અમે અમારા બોઈંગ 787 વિમાનોની સંપૂર્ણ તપાસ કરી રહ્યા છીએ. જેમાં અસરગ્રસ્ત મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે અસુવિધા બદલ દિલગીર છીએ.'

12 જૂનના રોજ અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાનું બોઈંગ 787-8 ડ્રીમલાઈનર ટેકઓફ કર્યાના થોડી મિનિટમાં જ ક્રેશ થયું હતું. આ બોઈંગ 787-8 ડ્રીમલાઈનર વિમાનમાં 230 મુસાફરો અને 12 ક્રૂ સભ્યો હતા. વિમાન મેડિકલ કોલેજ હોસ્ટેલ બ્લોક સાથે અથડાયું હતું. જેની બાદ તેમાં ભયંકર આગ લાગી હતી. આ અકસ્માતમાં 242 માંથી મુસાફરો અને ક્રૂ સભ્યો સહિત 241 લોકો માર્યા ગયા હતા. જ્યારે બ્રિટિશ નાગરિક વિશ્વકુમાર રમેશનો જીવ બચી ગયો હતો.

આ અકસ્માતની તપાસ માટે ભારતના એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો અને અમેરિકાના નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ સાથે નજીકથી કામ કરી રહ્યું છે. બોઈંગ નિષ્ણાતો પણ અમદાવાદમાં તપાસમાં સહકાર આપી રહ્યા છે.



# ઈન્ડોનેશિયામાં ફાટ્યો જ્વાળામુખી! બાલી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ પરત આવી, અનેક ઉડાનો રદ

નવી દિલ્હી, બાલી: ઈન્ડોનેશિયાના પૂર્વ ભાગમાં માઉન્ટ લેવાટોબી લાકી-લાકી જ્વાળામુખી ફાટ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રચંડ વિસ્ફોટને કારણે બાલી જતી ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેમાં એર ઈન્ડિયા, સિંગાપોર એરલાઈન્સ, એર ન્યૂઝીલેન્ડ, જેટસ્ટાર, વર્જિન ઓસ્ટ્રેલિયા અને ચીનની જુન્યાઓ એરલાઈન્સનો સમાવેશ થાય છે. જ્વાળામુખીમાંથી રાખનો વિશાળ વાદળ 10 કિલોમીટરની ઊંચાઈએ પહોંચ્યો હતો, જેના કારણે હવાઈ ટ્રાફિકને ભારે અસર થઈ છે. ફ્લાઈટો રદ કરવામાં આવતા અનેક લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. વધારે વિગતે વાત કરીએ તો, એર ઈન્ડિયાની ફ્લાઈટ AI2145 દિલ્હીથી બાલી જવા માટે રવાના થઈ હતી, પરંતુ જ્વાળામુખીના ભયને ધ્યાનમાં રાખીને, ફ્લાઈટને દિલ્હી પરત બોલાવી લેવામાં આવી છે. મુસાફરોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા, ફ્લાઈટ દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સુરક્ષિત રીતે પાછી ઉતરી ગઈ છે.

# વિદેશમાં વસતા ગુજરાતીઓ: સંસ્કૃતિના સંચાલક અને વિકાસના સહયાત્રી

**શ્રી ભરતભાઈ ભાનુશાલી, કચ્છ-ગુજરાત**

વિશ્વના અનેક દેશોમાં વસતા ગુજરાતીઓ આજે ગૌરવનો વિષય બન્યા છે. તેમણે માત્ર અર્થતંત્રમાં જ નહી પણ સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ મહત્વનું યોગદાન આપ્યું છે. અમેરિકાથી લઈને આફ્રિકા સુધી, અને યુરોપથી ઓસ્ટ્રેલિયા સુધી ગુજરાતીઓ વ્યાપક પ્રમાણમાં વસે છે. તેમનો વ્યાપારિક ચાતુર્ય અને નૌસિખિયાઓ માટે માર્ગદર્શન પ્રશંસનીય છે.

વિદેશી ધરતી પર રહીને પણ તેઓ પોતાની માતૃભાષા અને સંસ્કૃતિ સાથે જોડાયેલા છે. તહેવારો જેમ કે નવરાત્રી, દિવાળી અને ઉત્તરાયણને તેઓ હર્ષ અને ઉત્સાહથી ઉજવે છે. વિદેશી બાળકોને ગુજરાતી ભાષા અને પરંપરાઓ શીખવવામાં તેઓ ખાસ ઉદ્યમ કરે છે. ઘણા ગુજરાતીઓએ ત્યાં મંદિરો, સમાજઘરો અને સંસ્કૃતિક કેન્દ્રો ઊભા કર્યા છે.

અહેવાલો અનુસાર, એનઆરઆઈ ગુજરાતીઓ ભારતની અર્થવ્યવસ્થામાં મોટું યોગદાન આપે છે. રેમિટન્સ રૂપે લાખો કરોડો રૂપિયાનો સહારો ભારતને મળે છે. તેઓ માત્ર ધન નહિ, પણ વિચારશક્તિ અને અનુભવ પણ ભારતને આપે છે. અનેક ગુજરાતી ઉદ્યોગપતિઓએ વિદેશમાં ભારતીય નામ ઉજ્જવળ કર્યું છે. તેઓ માત્ર પોતાના પરિવાર સાથે સમગ્ર સમુદાયના વિકાસ માટે કામ કરે છે.

કેટલાય ગુજરાતીઓ સ્થાનિક રાજકારણ અને શૈક્ષણિક ક્ષેત્રે પણ સફળતા હાંસલે છે. તેમની આ ભૂમિકા અન્ય સમુદાય માટે પ્રેરણારૂપ છે.

તેઓએ વિદેશમાં વસતા ભારતીયોના માન-ગૌરવમાં વધારો કર્યો છે. ગુજરાત સરકાર પણ એનઆરઆઈ લોકો સાથે મજબૂત સંબંધો જાળવી રહી છે. આજે વિદેશી ગુજરાતીઓ ભારત અને વિશ્વ વચ્ચેના સંસ્કૃતિક દૂત તરીકે કામ કરી રહ્યા છે.

વિદેશી જમીન પર વસ્યા છતાં ગુજરાતીઓનું હ્રદય હંમેશાં ગુજરાત માટે ધબકે છે. તેમની જીવનશૈલીમાં હજુ પણ ઘરમાં રોટલી, શાક અને ઢોકળાનું મહત્વ યથાવત્ છે. તેઓ સ્થાનિક ભાષા શીખે છે, પણ માતૃભાષા ગુજરાતી વારસાગત રૂપે આગળ ધપાવે છે. વિદેશી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા ઘણા ગુજરાતી યુવાઓ ભારતીય મૂલ્યોનું જતન કરે છે.

કેટલાય એનઆરઆઈ યુવકો ભારતીય યુવતીઓ સાથે લગ્ન કરીને સંસ્કૃતિનું સમન્વય કરે છે. ઘણા ગુજરાતીઓ દેશભક્તિભાવથી ઓતપ્રોત છે અને ભારતીય રાષ્ટ્રદિવસ કે સ્વાતંત્ર્ય દિવસ ધામધૂમથી ઉજવે છે. સામૂહિક પીઠભૂમિ બનાવીને તેઓ સમાજસેવા, ભંડારાં અને મહોત્સવો યોજે છે. વિવિધ દેશોમાં ગુજરાતીઓની શાખાઓ અને સંગઠનો કાર્યરત છે.

ગુજરાતી વેપારીઓએ વિદેશોમાં વેપારને વૈશ્વિક સ્તરે પહોચાડ્યો છે. IT, ડોક્ટરી, ઈજનેરી અને હોટેલ વ્યવસાયમાં તેઓએ ખૂબ નામ કમાયું છે. ઘણા એનઆરઆઈ ગુજરાતીઓ ભારતમાં સ્કૂલ, હોસ્પિટલ અને મંદિર માટે દાન આપે છે. તેઓ ભારતના ગ્રામ વિકાસ, આરોગ્ય અને શિક્ષણમાં રસ લે છે.

ગુજરાતી યુવાનો માટે વિદેશી સમુદાય ઉદાહરણરૂપ છે કે કેવી રીતે પોતાની ઓળખ બચાવી શકાય. ઘણાં એનઆરઆઈ બાળકો માટે 'ગુજરાત પ્રવાસ' એક વાર્ષિક પરંપરા બની ગઈ છે. તેઓ ગુજરાતી ફિલ્મો, સાહિત્ય અને લોકસંગીતમાં પણ રસ લે છે.

# PM મોદીએ ટ્રમ્પને સ્પષ્ટ કહ્યું: ભારતને 'ટ્રેડ ડીલ'નો લોભ નથી! આતંકવાદ મુદ્દે કોઈ સમાધાન નહીં



નવી દિલ્હી: 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવવાનો જશ ખાટવાની હોડ વચ્ચે આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે પહેલી વખત વાતચીત થઈ હતી. 35 મિનિટની આ વાતચીતમાં વડા પ્રધાન મોદીએ આતંકવાદ મુદ્દે કડક વલણ અપનાવતા ડોનાલ્ડ ટ્રમ્પને સ્પષ્ટપણે જણાવ્યું કે ભારતને અમેરિકા સાથે ટ્રેડ ડીલનો કોઈ લોભ નથી અને આતંકવાદ મુદ્દે કોઈ પણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું કે, આ વાતચીતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પને કહ્યું કે, પાકિસ્તાનની ગોળીનો જવાબ ભારત ગોળાથી આપશે. તેમણે સ્પષ્ટ કર્યું કે 'ઓપરેશન સિંદૂર' હજુ પણ યથાવત છે. પીએમ મોદીએ આતંકવાદ સામેની લડાઈમાં ટ્રમ્પને સ્પષ્ટપણે જણાવ્યું કે ભારત કોઈ પણ ટ્રેડ ડીલનો સહારો નહીં લે અને ભારતની આતંકવાદ સામેની લડાઈ ચાલુ રહેશે.

# હૉંગકૉંગથી આવેલા સુરતના દંપતી સહિત 3 ની પચીસ કરોડનો ગાંજા સાથે ધરપકડ

મુંબઈ: મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર હૉંગકૉંગથી આવેલા સુરતના દંપતી સહિત ત્રણ જણની ધરપકડ કરી કસ્ટમ્સના અધિકારીઓએ અંદાજે પચીસ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાવાળો ગાંજો જપ્ત કર્યો હતો. કસ્ટમ્સના ઍર ઈન્ટેલિજન્સ યુનિટે (એઆઈયુ) બુધવારે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ મોહમ્મદ શાકિર શેખ (44), તેની પત્ની તબસ્સુમ શેખ (40) અને અલિફિયા યુસુફ રામપુરવાલા (36) તરીકે થઈ હતી. શેખ દંપતી ગુજરાતના સુરત શહેરમાં વરિયાળી બજાર ખાતેના વતની છે, જ્યારે અલિફિયા ભાયંદરની રહેવાસી છે. નશીલા પદાર્થની દાણચોરીની માહિતીને આધારે એઆઈયુના અધિકારીઓએ મંગળવારની રાતે હૉંગકૉંગથી ફ્લાઈટમાં મુંબઈ પહોંચેલા શેખ દંપતીને રોક્યું હતું. બન્નેના સામાનની તપાસ કરતાં તેમાંથી પચીસ પૅકેટ મળી આવ્યાં હતાં. ચકાસણીમાં એ પૅકેટમાં ગાંજો હોવાનું જણાયું હતું. દંપતી પાસેથી અંદાજે પચીસ કિલો ગાંજો જપ્ત કરાયો હતો, જેની કિંમત પચીસ કરોડ રૂપિયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.